૮૧

વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટેની લોન યોજનાના અમલીકરણમાં સરળતા લાવવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૭/૩૭૫૬૦૨/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૯/૦૬/૨૦૨૨

**વંચાણે લીધા:-**

(૧) આ વિભાગનો તા.૦૩/૧૨/૨૦૦૧નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૧૨૦૦૦/ન.બા.-૧/અ
(૨) આ વિભાગનો તા.૨૪/૦૫/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૩/૮૭૨૬૪૦/અ
(૩) આ વિભાગનો તા.૦૫/૦૭/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૩૨૦૧૫/૮૮૫૮૬૯/અ
(૪) આ વિભાગનો તા.૧૫/૦૮/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: ઇબીસી/૧૦૨૦૧૮/૮૧૪/અ-૧
(૫) આ વિભાગનો તા.૨૫/૦૧/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: ઇબીસી/૧૦૨૦૧૮/૮૧૪/અ.૧
(૬) આ વિભાગનો તા.૨૧/૧૨/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૨૧/૫૩૬૩૯૦/અ-૧
(૭) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૬/૦૫/૨૦૨૨નો પત્ર ક્રમાંક: વિજાક/શિક્ષણ/વિ.અ./૨૦૨૨-૨૩/૮૯

**આમુખ:-**

વંચાણે લીધા ક્રમાંક (૧), (૩) અને (૪) પરના આ વિભાગના ઠરાવોથી અનુક્રમે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ, બિનઅનામત વર્ગના વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન આપવાની યોજના અમલમાં છે. જેમાં વંચાણે લીધેલા અન્ય ઠરાવોથી નિયામક(વિકસતી જાતિ કલ્યાણ) અમલિત તથા ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા અમલિત વિદેશ અભ્યાસ લોન યોજનાની જોગવાઇઓમાં સુધારા કરવામાં આવેલ છે.

૨. સદરહુ યોજના જુદાજુદા સમયે અમલમાં આવેલ હોવાથી અમલીકરણની જોગવાઇઓ અલગ અલગ છે. આથી નિયામક(વિકસતી જાતિ કલ્યાણ) અમલિત તથા ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા અમલિત વિદેશ અભ્યાસ લોન યોજનાની જોગવાઇઓમાં મહત્તમ

જોગવાઇઓમાં એકસૂત્રતા લાવી શકાય તથા યોજનાના અમલીકરણમાં સરળતા લાવવા માટે પ્રવર્તમાન જોગવાઇઓમાં જરૂરી સુધારા કરવા માટે વંચાણે લીધા ક્રમાંક (૭) પરના પત્રથી નિયામકશ્રી(વિ.જા.ક.)એ દરખાસ્ત કરેલ, જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

પુખ્ત વિચારણાના અંતે નિયામક, વિકસતી જાતિ કલ્યાણની કચેરી દ્વારા અમલિત વિદેશ અભ્યાસ લોન યોજના (SEBC અને EBC) તથા ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા અમલિત વિદેશ અભ્યાસ લોન યોજનાની પ્રવર્તમાન જોગવાઇઓમાં નીચે મુજબના સુધારા કરવાનું આથી ઠરાવવામાં આવે છે:

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ તથા ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા આપવામાં આવતી વિદેશ અભ્યાસ લોન અંતર્ગત વિદેશમાં ચાલતા એક વર્ષ કે તેથી વધુ સમયના અથવા ઓછામાં ઓછા બે સેમેસ્ટરના ડિપ્લોમા, સ્નાતક (ગ્રેજ્યુએટ), અનુસ્નાતક (પોસ્ટ ગ્રેજ્યુએટ), પી.એચ.ડી. સહિતના ઉચ્ચ શિક્ષણના તમામ અભ્યાસક્રમો માટે આ યોજનાનો લાભ મળશે.

(૨) ધોરણ-૧૨/ડિપ્લોમામાં ૬૦% કે તેથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તેમજ ધોરણ-૧૨/ડિપ્લોમામાં ઓછામાં ઓછા ૫૦% કે તેથી વધુ ગુણ મેળવનાર અતિ પછાત, વધુ પછાત, વિચરતી અને વિમુકત જાતિના વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે.

(૩) એક જ પરિવારના વધુમાં વધુ બે વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે પરંતુ સૌ પ્રથમ અરજદારો પૈકી પરિવારના એક વિદ્યાર્થીની અરજી પરત્વે કાર્યવાહી કર્યા બાદ જ બજેટની ઉપલબ્ધતા મુજબ એક જ પરિવારના અન્ય અરજદારની અરજી ધ્યાને લેવાની રહેશે.

(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ તથા ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ હસ્તકની વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ લાભ લેવા, વાર્ષિક આવક માટે અરજદારના પિતા/કુટુંબના કમાનાર વ્યક્તિની આવક જો રૂ.૨.૫ લાખથી વધુ હોય તો સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ આવકના પ્રમાણપત્ર ઉપરાંત આઇ.ટી. રીટર્ન રજૂ કરવાનું રહેશે. જ્યારે રૂ.૨.૫ લાખથી ઓછી આવકના કિસ્સામાં સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવતા આવકના પ્રમાણપત્ર ઉપરાંત આઇ.ટી. રીટર્નના સ્થાને સ્વ-ઘોષણા માન્ય રાખી શકાશે.

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ તથા ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ હસ્તકની વિદેશ અભ્યાસ લોન યોજના સંબંધિત ઠરાવોની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૦૭/૦૬/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર. જે. ખરાડી)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૪) સચિવશ્રીના અંગત મદદનીશ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) સંયુક્ત સચિવશ્રી(અ.જા.ક.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૦) સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૧૧) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૨) સિલેકટ ફાઇલ